# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18-07-2024** **Evening : 7.10 to 7.20**
**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

- મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં ચાંદીપુરા વાઇરસની સ્થિતિ અંગેની બેઠક યોજાઇ- સત્તાવાર રીતે નોંધાયેલા 29 કેસોમાંથી 15 બાળકોના મોત.
- દેશના કમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ ગિરીશચન્દ્ર મુર્મુએ રાજકોટ ખાતે આંતરરાષ્ટ્રીય ઓડિટ તાલીમ કેન્દ્રનું ઉદઘાટન કર્યું.
- શ્રમિકો માટે નજીવા દરે આશ્રય આપવા હેતુ 17 શ્રમિક બસેરાઓનું મુખ્યમંત્રી દ્વારા ખાતમુર્હુત...
- સુરતના પલસાણામાં એટીએસ દ્વારા ડ્રગ્સ ફેક્ટરીમાંથી 50 કરોડના માલસામાન સાથે ત્રણની ધરપકડ..
- સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં આવતીકાલે ભારે વરસાદની આગાહી...

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CHANDIPURA- CM BETHAK

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં ચાંદીપુરા વાઇરસની સ્થિતિ અને રોગચાળા નિયંત્રણ અંગેના પગલાંઓની સમીક્ષા બેઠક કરી. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ અને ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં યોજાયેલી આ બેઠકમાં મુખ્યમંત્રીએ રાજ્યના મહાનગરપાલિકાના કમિશનરો, જિલ્લા કલેક્ટરો અને જિલ્લા વિકાસ અધિકારીઓ તેમજ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીઓ સાથે વિડિયો કોન્ફરન્સ કરીને તેમના જિલ્લાની કામગીરીની વિગતવાર માહિતી મેળવી..

આ બેઠક બાદ પત્રકાર પરિષદને સંબોધતાં આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે લોકોને ચાંદીપુરમ રોગથી ન ડરવાની અપીલ કરતાં જાણકારી આપી કે, આ રોગ ચેપી નથી, પરંતુ તે માટે સાવચેતી રાખવી જરૂરી છે.

શ્રી પટેલે જણાવ્યું હતું કે,29 શંકાસ્પદ ચાંદીપુરમના નોંધાયેલા કેસમાંથી 15 બાળકોના મોત થયા છે અને આરોગ્ય વિભાગે ચાંદીપુરા વાઇરસ અંગે એક માર્ગદર્શિકા જાહેર કરી છે. વધુમાં તેમણે આ મુજબ જણાવ્યું...

**(બાઇટ- ઋષિકેશ પટેલ)**

# CHANDIPURA VIRUS UPDATE- DIST.

રાજ્યમાં વધી રહેલા ચાંદીપુરા સંક્રમણને પગલે આરોગ્ય તંત્ર સજાગ બન્યું છે....

જે અંતર્ગત, આજે જામનગરમાં કૃષિમંત્રી રાઘવજી પટેલે સમીક્ષા બેઠક યોજી. જીલ્લામાં જામજોધપુર અને ધ્રોલ તાલુકામાં ચાંદીપુરા વાઇરસના શંકાસ્પદ કેસ મળતાં તંત્ર દ્વારા યોગ્ય પગલાંઓ લેવાઇ રહ્યા છે.

સાબરકાંઠા જીલ્લામાં શંકાસ્પદ ચાંદીપુરા વાઇરસના કારણે ઓછામાં ઓછા છ બાળકોના મોત થઇ ચૂક્યા છે જ્યારે સાત બાળકો હજી પણ સારવાર હેઠળ છે. પાંચ બાળકોમાં શંકાસ્પદ વાઇરસના નવા કેસ સાથે ગઇકાલ અને આજ સવાર સુધીમાં કુલ 14 કેસ નોંધાયા છે.

ગાંધીનગર શહેરી વિસ્તારોમાં 1 તેમજ ગ્રામ્ય વિસ્તારમાં શંકાસ્પદ ચાંદીપુરાના 2 કેસ જોવા મળ્યા છે. ત્યારે કલોલમાં આ વાઇરસના શંકાસ્પદ લક્ષણો ધરાવતી 15 મહિનાની એક બાળકીનું તેમજ મુવાડા ગામે સાત વર્ષના બાળકનું સારવાર દરમિયાન મૃત્યુ થયું હોવાના અહેવાલ મળેલ છે.

રાજ્યભરમાં આરોગ્ય તંત્ર દ્વારા સર્વેલન્સની પ્રક્રિયા હાથ ધરાઇ છે, ત્યારે દાહોદ અને અરવલ્લી જિલ્લા આરોગ્ય વિભાગની અલગ અલગ ટીમ દ્વારા સર્વેલન્સની કામગીરી શરૂ કરાઇ છે.

દરમિયાન, વડોદરા જીલ્લામાં કલેક્ટરશ્રી દ્વારા લોકોને ચાંદીપુરા વાઇરસથી નહીં ગભરાવવા અને સાવચેત રહેવા અપીલ કરવામાં આવી છે તેમજ જીલ્લા તંત્રને વાઇરસના સંક્રમણ અંગે સાબદું કરવામાં આવેલ છે.

પોરબંદર જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા ચાંદીપુરા વાઇરસ અંગે લોકોને લક્ષણો અને સારવાર અંગે માહિતી આપવામાં આવી હતી.

અમદાવાદમાં ચાંદલોડિયા અને આંબાવાડી વિસ્તારના 2 બાળકોમાં આ વાઈરસના શંકાસ્પદ લક્ષણો જોવા મળ્યા હતા.

આ તરફ પંચમહાલ જિલ્લામાં પણ બે બાળકોમાં શંકાસ્પદ વાઇરસના લક્ષણો જોવા મળતાં તંત્ર દોડતું થયું છે.

# RAJKOT- GIRISHCHANDRA MURMU

રાજકોટના એ.જી.ઓફિસ કેમ્પસ ખાતે આજે દેશના કમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ ગિરીશચંદ્ર  મુર્મુ દ્વારા આંતરરાષ્ટ્રીય ઓડિટ તાલીમ કેન્દ્ર- iCAL નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું.

ઉદ્ઘાટન પ્રસંગે બોલતા શ્રી મુર્મુએ જણાવ્યું કે,iCAL પ્લેટફોર્મ જવાબદારી અને શાસન વધારવા માટે સ્થાનિક સરકારોમાં નીતિ ઘડવૈયાઓ,વહીવટકર્તાઓ અને ઓડિટર્સ વચ્ચે સહયોગને પ્રોત્સાહન આપે છે. વિવિધ દેશોમાં થઇ રહેલી સરકારી સંસ્થાઓની વિભિન્ન ઓડિટ પદ્ધતિનો આધુનિક અભ્યાસ કરાવવામાં અને તેના આદાન-પ્રદાન થકી કાર્ય પ્રણાલિમાં ગુણવત્તાયુક્ત ફેરફાર કરવામાં આ સંસ્થા મહત્વનું યોગદાન આપશે. દેશની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં પારદર્શકતા લાવવામાં આ સંસ્થા મહત્વપૂર્ણ સાબિત થવાનો તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો.

આ તાલીમ કેન્દ્રમાં વૈશ્વિક કક્ષાની તાલીમ પામનાર વ્યક્તિઓ રાજ્ય,રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાને શ્રેષ્ઠ ઓડિટર તરીકેની સેવા આપી શકશે.

**(બાઇટ- ગિરીશચંદ્ર મુર્મુ)**

# CM- SHARMIK BASERA

રાજ્યમાં શ્રમિક બસેરા યોજનાની ૧૭ સાઇટોનું આજે અમદાવાદમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ભૂમિભૂજન થયું,તેમજ શ્રમિક બસેરા યોજનાના પોર્ટલનું લોન્ચિંગ પણ કરવામાં આવ્યું. આ પ્રસંગે શ્રી પટેલે બાંધકામ શ્રમિકો સહિતના અસંગઠિત ક્ષેત્રના શ્રમિકો માટે આહાર, આરોગ્ય, આવાસ અને આર્થિક

આધાર ઉપલબ્ધ કરાવીને તેમના જીવન ધોરણમાં ગુણાત્મક બદલાવ લાવવાની રાજ્ય સરકારની નેમ વ્યક્ત કરી.

આ પ્રસંગે તેમણે શ્રમિક અન્નપૂર્ણા યોજનામાં પાંચ રૂપિયાના રાહત દરે અપાતાં પૌષ્ટિક ભોજન,પી.એમ. શ્રમયોગી માન ધન યોજનામાં વયસ્ક શ્રમિકોને મળતા પેન્શન, તેમજ પીએમ જન આરોગ્ય યોજનામાં અપાતી વિનામૂલ્યે આરોગ્ય સેવાઓનો ઉલ્લેખ કર્યો હતો.

તેમણે ઉમેર્યું કે, અમદાવાદ,ગાંધીનગર, વડોદરા અને રાજકોટ ખાતે નિર્માણ થનારા આ શ્રમિક બસેરા થકી અંદાજે ૧૫ હજારથી વધુ બાંધકામ શ્રમિકોને વ્યક્તિદીઠ પાંચ રૂપિયાના ટોકનદરે સુવિધાયુક્ત હંગામી આવાસનો લાભ મળશે.

શ્રી પટેલે આ અવસરે વિવિધ યોજનાઓના કુલ ૨૮ લાભાર્થીઓને ૬ લાખ ૮૦ હજાર રૂપિયાની સહાયનું વિતરણ પણ કર્યું. આ પ્રસંગે શ્રમ અને રોજગાર મંત્રી બળવંતસિંહ રાજપૂત ઉપસ્થિતિ રહ્યા હતા.

# SURAT- ATS

સુરતના પલસાણા તાલુકામાં આંતકવિરોધી દળ– ATS એ દરોડા પાડતા નશીલા પદાર્થો માટે વપરાતી સમગ્રી સહિત અંદાજે 50 કરોડનો મુદ્દામાલ જપ્ત કર્યો અને ત્રણ લોકોની ધરપકડ કરી છે. ગુપ્ત માહિતીને આધારે ATSએ ગઈકાલે મોડી રાતે કાચા મકાનમાં ચાલતી ફેક્ટરી પર દરોડા પાડ્યા હતા.

દરમિયાન ફેકટરીમાંથી પ્રવાહી સ્વરૂપે 31 લીટર એમડી ડ્રગ્સ અને ચાર કિલોગ્રામ પદાર્થ સ્વરૂપે એમ.ડી. ડ્રગ્સનો જથ્થો મળી આવ્યો છે. આ સાથે પોલીસે  ડ્રગ્સના વેપારમાં સંડોવાયેલા ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે.. એટીએએસના અધિકારીઓએ પત્રકારોની સાથેની વાતચીતમાં કહ્યું કે, ઝડપાયેલા ત્રણ આરોપીઓની પૂછપરછ કરવામાં આવી રહી છે.

# GUJ. RAIN AAGAHI

હવામાન વિભાગે સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં ભારે વરસાદને જોતા રેડ અલર્ટ, જ્યારે દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાં ઑરેન્જ અલર્ટ જાહેર કર્યું છે.

આવતીકાલે સૌરાષ્ટ્રમાં રાજકોટ, જામનગર, પોરબંદર, જુનાગઢ, દ્વારકામાં રેડ એલર્ટ જાહેર કરાયું છે. ઉપરાંત સુરેન્દ્રનગર,અમરેલી,મોરબી,ગીર સોમનાથ, બોટાદ, કચ્છ અને દીવના કેટલાક ભાગોમાં ભારે વરસાદના આગાહી છે.

દક્ષિણ ગુજરાત તેમજ દીવ, દમણ અને દાદરાનગર હવેલીમાં ભારે વરસાદ થવાની સંભાવના છે. ઉત્તર ગુજરાતના બનાસકાંઠા,પાટણ સહિત કેટલાક ભાગોમાં હળવોથી મધ્યમ વરસાદ વરસી શકે છે. 20 જુલાઈના રોજ સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં ઑરેન્જ અલર્ટ જાહેર કરાયું છે.

# RAIN DIST.

રાજ્યમાં ચોમાસુ જામ્યુ છે ત્યારે આજે 65 તાલુકાઓમાં વરસાદ નોંધાયો.. જેમાં અમરેલીના ખાંભા, દેવભૂમિ દ્વારકા તેમજ પોરબંદરમાં ત્રણ ઇંચથી વધુ વરસાદ વરસ્યો હોવાના અહેવાલ છે. જ્યારે જૂનાગઢ, ગીર સોમનાથ, વલસાડ, ભાવનગરમાં બેથી અઢી ઇંચ જેટલો વરસાદ વરસ્યો... જ્યારે અન્ય 17 તાલુકાઓમાં એકથી ઇંચથી ઓછો વરસાદ નોંધાયો...

વલસાડ તાલુકામાં આજે બે ઇંચ જેટલો વરસાદ નોંધાયો.. તો ભાવનગરના શિહોરમાં અઢી ઇંચ વરસાદ નોંધાયો છે.

તાપી જિલ્લામાંથી પસાર થતી મીંઢોળા,પૂર્ણા,અંબિકા,તાપી, વાલ્મિકી, ઓઝર જેવી નદીઓ બે કાંઠે વહેતી થઇ છે..

અમરેલી જીલ્લાના ખાંભા શહેર તેમજ ગીરના ગામડાઓમાં ગાજવીજ સાથે અનરાધાર વરસાદ વરસતાં સ્થાનિક હદીયો નદીમાં પૂર આવ્યું છે.

તો બીજી તરફ, પોરબંદર તેમજ બરડા વિસ્તારમાં 2 કલાકમાં 3 ઇંચ વરસાદ ખાબક્યો હતો.

કચ્છના તીર્થધામ નારાયણ સરોવર, અબડાસા તેમજ જખૌ ખાતે ભારે પવન સાથે વરસાદ વરસ્યો હતો.

દેવભૂમિ દ્વારકાના કલ્યાણપુર તાલુકામાં ભાટીયા, નંદાણા સહિતના ગ્રામ્ય પંથકમાં વરસાદ વરસતાં દ્વારકા- લીંબડી ધોરીમાર્ગ પર પાણી ફરી વળતાં વાહનવ્યવહાર ઠપ થયો હતો.

# NEWS IN BRIF

## અને હવે કેટલાક સમાચારો સંક્ષિપ્તમાં...

- કેન્દ્રશાસિત પ્રદેશ દમણ- દીવ સાસંદ ઉમેશ પટેલે દીવ તથા ઘોઘલા સરકારી હોસ્પિટલની મુલાકાત કરીને હોસ્પિટલની કામગીરી વિશે માહિતી મેળવી.
- સુરેન્દ્રનગર જિલ્લામાં લૂંટની બે મોટી ઘટના- સુરેન્દ્રનગરમાં બેંકમાંથી બહાર નીકળેલ વ્યક્તિ પર હુમલો કરીને 18 લાખની લુંટ જ્યારે થાનગઢના સોની વેપારીની દુકાન પાસેથી ત્રણ કિલો ચાંદીની લૂંટ થઈ.
- વલસાડના સેગવી અને પારનેરા ગામે અતુલ ફાઉન્ડેશન દ્વારા નવનિર્મિત આંગણવાડીનું આજે વલસાડ ધારાસભ્ય ભરત પટેલ દ્વારા લોકાર્પણ કરવામાં આવ્યું.
- ભાવનગરમાં આવતીકાલે ગુજરાતી ભાષા સાહિત્ય ભવન, મહારાજા કૃષ્ણકુમારસિંહજી યુનિવર્સિટી અને ભાવનગર ગદ્યસભાના સંયુકત ઉપક્રમે સ્વ.જયંત પાઠક સ્મૃતિ-વંદના ‘સેતુ’ કાર્યક્રમ યોજાશે.

- સુરેન્દ્રનગર જિલ્લા કલેકટર કે.સી.સંપટના અધ્યક્ષસ્થાને કલેકટર કચેરી ખાતે યોજાયેલ જિલ્લા પ્રવાસન સમિતિની સમીક્ષા બેઠકમાં જિલ્લાના પ્રવાસન સ્થળોના વિકાસકામોની વિગતવાર સમિક્ષા કરવામાં આવી.